# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-12-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) ડો. બી. આર.આંબેડકરના અપમાનનો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર આરોપ લગાવીને વિપક્ષોએ હોબાળો મચાવતા સંસદના બંને ગૃહોની કામગીરી સ્થગિત
2) નેશનલ ટેસ્ટિંગ એજન્સી ફક્ત પ્રવેશ પરીક્ષાઓ જ લેશે કેવી કેન્દ્રીય શિક્ષણ મંત્રીની જાહેરાત
3) જાન્યુઆરીથી ભારતના પ્રવાસીઓ વિઝા વિના મુસાફરી કરી શકશે, શ્રીલંકાની જાહેરાત
4) સ્માર્ટ ફોનની સૌથી મોટી નિકાસ કરનારો ભારત વિશ્વનો ત્રીજો દેશ બન્યો
5) ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ત્રીજી ટેસ્ટ ડ્રોમાં પરિણમી.. ભારતીય સ્પિનર અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PARLIAMENT ADJOURNED*

ડો. બી.આર. આંબેડકરનું અપમાન કરવાનો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર આરોપ લગાવીને વિપક્ષોએ સંસદના બંને ગૃહોમાં શોરબકોર મચાવ્યો હતો. આ સ્થિતિના પગલે બંને ગૃહોની કાર્યવાહી બપોરના બે વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી. આજે સવારે લોકસભાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ  કોંગ્રેસ, ડીએમકે અને ડાબેરીઓ સહિત વિપક્ષી દળોએ શ્રી અમિત શાહની ટિપ્પણી સામે સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું. સંસદીય બાબતોના રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે હંમેશા ડો. આંબેડકરનું અપમાન કર્યું છે.

આ જ મુદ્દે વિપક્ષોએ રાજ્યસભાની કાર્યવાહીને પણ ખોરંભે પાડી દીધી હતી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસ પર ડો. આંબેડકરને અન્યાય કરવાનો આરોપ લગાવ્યો હતો.

દરમિયાન, રાજ્યસભામાં વિપક્ષના નેતા, મલ્લિકાર્જુન ખડગેએ શ્રી. શાહે બંધારણના ઘડવૈયાનું અપમાન કર્યું હોવાનો આરોપ લગાવીને અમિત શાહ માફી માંગે તેવી માંગણી કરી હતી.

## *NTA EXAM*

કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું છે કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી,NTA આગામી વર્ષથી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે માત્ર સ્પર્ધાત્મક પ્રવેશ પરીક્ષાઓ જ લેશે અને કોઈ ભરતી પરીક્ષાઓ યોજશે

નહીં. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે ત્રૂટી મુક્ત પરીક્ષાઓ યોજવાનો અને જવાબદારી નક્કી કરવાનો આ નવો અભિગમ છે. શ્રી પ્રધાને જણાવ્યું હતું કે, શિક્ષણ અને આરોગ્ય મંત્રાલયો તબીબી પ્રવેશ પરીક્ષા NEET-UG પેન-એન્ડ-પેપર મોડમાં કે ઓનલાઈન મોડમાં લેવા અંગે વિચારણા કરી રહ્યા છે. મંત્રીએ કહ્યું કે, NEET-UG માટેની વિગતવાર મોડલિટી 2-3 અઠવાડિયામાં જાહેર થવાની સંભાવના છે. તેમણે કહ્યું કે CUET-UG વર્ષમાં એક વખત યોજવાનું ચાલુ રહેશે. શિક્ષણ મંત્રીએ પરીક્ષાના સરળ અને ન્યાયી સંચાલન અને NTAને મજબૂત કરવા માટે ISROના ભૂતપૂર્વ અધ્યક્ષ કે રાધાકૃષ્ણનની આગેવાની હેઠળની સમિતિની ભલામણો શેર કરી હતી.

## *AMIT SHAH UCC*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ઉત્તરાખંડમાં જે રીતે કામ કરવામાં આવ્યું તેમ  ભાજપ દરેક રાજ્યમાં તેના શાસન હેઠળ યુનિફોર્મ સિવિલ કોડ લાવશે. બંધારણ અપનાવવાના 75 વર્ષ પર રાજ્યસભામાં ચર્ચાને અંતે, શ્રી શાહે સમગ્ર દેશમાં UCC લાગુ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. ગૃહમંત્રીએ કોંગ્રેસ પર તુષ્ટિકરણની રાજનીતિનો આરોપ લગાવ્યો અને પાર્ટીને સ્પષ્ટતા કરવા કહ્યું કે ધર્મનિરપેક્ષ રાષ્ટ્રમાં દરેક ધર્મ માટે સમાન કાયદો કેમ ન હોવો જોઈએ.

શ્રી શાહે ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો અંગેના તેના આક્ષેપો અંગે કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા, કહ્યું કે મહારાષ્ટ્રના પરિણામો વિશે ફરિયાદ કરનારા કેટલાક લોકોએ ઝારખંડમાં ઉજવણી કરી, જ્યાં JMM-ની આગેવાની હેઠળના ઇન્ડિયા જૂથે વિધાનસભા ચૂંટણી જીતી હતી

સોમવારે રાજ્યસભામાં બંધારણના 75 વર્ષ પર ચર્ચા શરૂ થઈ અને બે દિવસ ચાલી હતા. જ્યારે ગયા અઠવાડિયે લોકસભામાં ચર્ચા થઈ હતી.

## *DOVAL-CHINA-TALKS*

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ આજે બેઇજિંગમાં ભારત-ચીન વિશેષ પ્રતિનિધિઓની મંત્રણામાં ભાગ લેશે.

આ વાતચીતનો ઉદ્દેશ્ય પૂર્વ લદ્દાખમાં સૈનિકોની તૈનાતીને કારણે છેલ્લા ચાર વર્ષથી વણસેલા દ્વિપક્ષીય સંબંધોને પુનઃસ્થાપિત કરવાનો છે. શ્રી ડોભાલ ચીનના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અને વિદેશ મંત્રી વાંગ યી સાથે વિશેષ પ્રતિનિધિ સ્તરની મંત્રણાનો 23મો રાઉન્ડ યોજશે.મંત્રણામાં , પેટ્રોલિંગ સંબંધિત 21 ઓક્ટોબરના કરાર મુજબ પૂર્વી લદ્દાખમાંથી સૈનિકો પાછા ખેંચવા અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા પર વ્યાપક ચર્ચા થવાની અપેક્ષા છે.

આ મહત્વપૂર્ણ વાતચીત પહેલા ચીને ગઈકાલે કહ્યું હતું કે તે 24 ઓક્ટોબરે રશિયાના કઝાન ખાતે બ્રિક્સ સમિટ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચેની બેઠક દરમિયાન સંમત થયેલી પ્રતિબદ્ધતાઓને લાગુ કરવા માટે ભારત સાથે કામ કરવા માટે

ઉત્સુક છે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને પ્રતિનિધિની મંત્રણા વિશે પત્રકારોને કહ્યું કે ચીન પરસ્પર મતભેદોને સંપૂર્ણ તત્પરતાથી ઉકેલવા માંગે છે.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## *LANKA VISA*

ભારતીય નાગરિકો આવતા વર્ષે જાન્યુઆરીથી શ્રીલંકામાં વિઝા વિના મુસાફરી કરી શકશે. ભારત એવા 39 દેશોમાં સામેલ છે કે જેના માટે શ્રીલંકાએ વિઝા-મુક્ત મુસાફરી પ્રદાન કરી છે. ભારતની મુલાકાતે આવેલા શ્રીલંકાના વિદેશ મંત્રી વિજીથા હેરાથે ગઈકાલે નવી દિલ્હીમાં ઈન્ડિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત સંવાદમાં આ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે આ માટે સંસદીય ગેઝેટ નોટિફિકેશન જાન્યુઆરીમાં બહાર પાડવામાં

આવશે. શ્રી હેરાથે આશા વ્યક્ત કરી હતી કે ભારત શ્રીલંકાના નાગરિકોને પણ આવી સુવિધાઓ આપશે.

શ્રીલંકાના વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત સાથે ઐતિહાસિક આર્થિક અને સાંસ્કૃતિક સંબંધો છે, જેના આધારે દ્વિપક્ષીય સંબંધો વધુ મજબૂત બનશે. તેમણે કહ્યું કે શ્રીલંકામાં આવનારા પ્રવાસીઓમાં સૌથી વધુ સંખ્યામાં ભારતીયો છે.

શ્રી વિજીથા હેરાથ 15 થી 17 ડિસેમ્બર દરમિયાન ભારતની ત્રણ દિવસીય મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ અનુર કુમાર ડિસાનાયકાના પ્રતિનિધિમંડળમાં સામેલ હતા.

## *SMARTPHONE EXPORT*

ભારત સ્માર્ટ ફોનની નિકાસ કરતો વિશ્વનો ત્રીજો સૌથી મોટો દેશ બની ગયો છે.

વર્ષ 2019માં તે 23મા સ્થાને હતું. કંપનીઓ દ્વારા રજૂ કરાયેલા અને ઇન્ડસ્ટ્રી એસોસિએશનો પાસેથી એકત્રિત કરવામાં આવેલા ડેટા અનુસાર, નવેમ્બર 2024માં માત્ર એક મહિનામાં દેશમાંથી સ્માર્ટફોનની નિકાસ રૂ. 20 હજાર કરોડને પાર કરી ગઈ છે. કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના ટેક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક સમાચાર લેખ શેર કરતી વખતે આ સિદ્ધિની પ્રશંસા કરી અને તેને 'મેકિંગ ભારત સ્ટોરી' ગણાવી.

ઈન્ડસ્ટ્રી એસોસિએશનના ડેટા અનુસાર, ગયા મહિને દેશની સ્માર્ટફોન એક્સપોર્ટ 20 હજાર 395 કરોડ રૂપિયા નોંધાઈ હતી. આ ગયા વર્ષના સમાન મહિનામાં નિકાસની સરખામણીમાં 92 ટકાની આશ્ચર્યજનક વૃદ્ધિ દર્શાવે છે. ગયા વર્ષે આ આંકડો 10 હજાર 634 કરોડ રૂપિયા હતો. આ સિદ્ધિ ઉત્પાદન આધારિત પ્રોત્સાહક યોજનાની નાણાકીય વર્ષ 2024-25માં ઉત્પાદન મૂલ્યના 70-75 ટકા નિકાસ કરવાની પ્રતિબદ્ધતા કરતાં ઘણી સારી છે.

## *REV. DAY. CRICKET - IND-AUS - RESULT*

બ્રિસ્બેનમાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની ત્રીજી ટેસ્ટ મેચ વરસાદને કારણે ડ્રોમાં સમાપ્ત થઈ. રમત બંધ થઈ ત્યાં સુધીમાં ભારતે તેની બીજી ઈનિંગમાં કોઈ વિકેટ ગુમાવ્યા વિના 8 રન બનાવ્યા હતા. તે સમયે ભારતને

જીતવા માટે 267 રનની જરૂર હતી, પરંતુ ખરાબ હવામાનને કારણે મેચનું નિર્ણાયક પરિણામ આવી શક્યું ન હતું. આ પહેલા પાંચમા દિવસે ઓસ્ટ્રેલિયાના 445 રનના જવાબમાં ભારત તેની પ્રથમ ઈનિંગમાં 260રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. 252ના સ્કોરથી આગળ રમતા ભારત પાંચમા દિવસે સવારે માત્ર આઠ રન જ ઉમેરી શક્યું હતું. જસપ્રિત બુમરાહના અણનમ 10 રન અને આકાશ દીપના 31 રનની મદદથી ભારત ફોલોઓન બચાવવામાં સફળ રહ્યું હતું.

ભારત તરફથી કે એલ રાહુલે સૌથી વધુ 84 રન બનાવ્યા જ્યારે રવિન્દ્ર જાડેજાએ 77 રનની ઇનિંગ રમી. ઓસ્ટ્રેલિયા તરફથી પેટ કમિન્સે 4 અને મિચેલ સ્ટાર્કે 3 વિકેટ ઝડપી હતી. પાંચ મેચોની શ્રેણી હાલમાં 1-1ની બરાબરી પર છે. શ્રેણીની ચોથી ટેસ્ટ મેચ 26 ડિસેમ્બરથી મેલબોર્નમાં રમાશે. આ મેચ ડ્રો થયેલી જાહેર થયા બાદ ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિને આંતર રાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. તેણે 106 ટેસ્ટ મેચમાં 537 વિકેટો ઝડપી હતી.

## *PM - MANN KI BAAT*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 29મી ડિસેમ્બરનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ અને વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 117મી કડી હશે.

લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર આ કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો રજૂ કરી શકે છે. આ ઉપરાંત નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા પણ લોકો પોતાનાં વિચારો રજૂ કરશે. 27 ડિસેમ્બર સુધી સૂચનો સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને newsonair મોબાઇલ એપ પર કરવામાં આવશે. આ ઉપરાંત AIR ન્યૂઝ, ડીડી ન્યૂઝ, PMO અને માહિતી પ્રસારણ મંત્રાલયની યુ ટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં

આવશે. આકાશવાણી પર હિન્દી ભાષામાં પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.